# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## <u>અગત્યની સૂચના</u>

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના નિયંત્રણ હેઠળની અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગર હસ્તકની જાહેરાત ક્રમાંક: FOREST/202223/1 અન્વયે વન રક્ષક (Forest Guard), વર્ગ-૩ની તા.૦૮/૦૨/૨૦૨૪ થી તા.૨૭/૦૨/૨૦૨૪ દરમ્યાન યોજવામાં આવેલ CBRT પરીક્ષાની **Provisional Answer Key cum Response Sheet** નીચે દર્શાવેલ લીંક ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારો આ લીંક ઉપર ક્લિક કરીને પોતાનું પ્રશ્નપત્ર, ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ જવાબ અને તે અંગેની પ્રોવિઝનલ આન્સર કી જોઈ શકશે. ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈ વાંધો/સૂચન હોય તો ઉમેદવારે તે અંગેના જરૂરી આધાર-પુરાવા સાથે **Online** રજુઆત કરવાની રહે છે. આ પરીક્ષામાં ૧૦૦ પ્રશ્નો પૂછવામાં આવેલ છે.


https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/87730/login.html

**પ્રોવિઝનલ આન્સર-કી સામે વાંધા/સૂચન કરવા અંગેની Step-by-step ગાઈડ અને સૂચનાઓ નીચે મુજબ છે:**


1. પ્રસિદ્ધ કરેલ આન્સર-કીના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો ઓનલાઇન વાંધા સૂચન <u>તા.૦૭/03/૨૦૨૪ ૨૦:00 કલાક</u> થી <u>તા.૧૭/03/૨૦૨૪ ૨૩:૫૫</u> કલાક સુધી કરી શકાશે.
2. પ્રસિદ્ધ કરેલ આન્સર-કીના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો વાંધા સુચન ઓનલાઇન કરવા ફરજિયાત છે. અન્ય કોઇ માધ્યમ દ્વારા રજૂ કરેલ વાંધા સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.
3. **CBRT** માં હાજર રહેલ ઉમેદવાર જ ઓન-લાઇન વાંધા સૂચન રજૂ કરી શકે છે.
4. ઉમેદવાર એક કરતાં વધુ પ્રશ્નો માટે વાંધા સૂચન રજૂ કરી શકશે.
5. ઉમેદવારે પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** પ્રમાણે વાંધા સૂચન ઓનલાઇન સબમિટ કરવાના રહેશે.

**Step 1 :** નીચેની લિન્ક પર ક્લિક કરો.


https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/87730/login.html





**Step 2 :** કન્ફર્મેશન નંબર, જન્મ તારીખ , અને ઈમેજ ટેક્ષ્ટ ટાઈપ કરી **Login** બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્કીન ખુલશે.



Step 3 : ઉમેદવાર **Provisional Answer key** પર ક્લિક કરીને પોતાની પ્રોવિઝનલ આન્સર કી કમ રીસ્પોન્સ શીટ ઓપન કરી શકશે.





Step 4 : **Click here to generate it** પર ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રીન ખુલશે.





ત્યારબાદ, **Print** પર ક્લિક કર્યા બાદ **save as pdf** કરવાથી **Provisional Answer key cum Response Sheet** ઉમેદવારના ડિવાઇસમાં સેવ થશે અને તે ફાઇલની પ્રિન્ટ પણ મેળવી શકાશે.

Step 5 : વાંધા સૂચનો રજૂ કરવા માટે **Objection Form** પર ક્લિક કરવું.




**વાંધા સૂચનો રજૂ કરતાં પહેલાં સ્ક્રીન પર રજૂ થતી સૂચનાઓ વાંચી જવી.**




સૂચનાઓ/Instructions:


Note:

1. તમારા વાંધાસૂચનો રજુ કરતાં પહેલાં આપેલ સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો./Please read the instructions carefully before you start creating your objections
2. તમારા પ્રશ્નપત્ર માટે "Provisional Answer Key" પર જાઓ./To view your question paper, go to tab "Provisional Answer Key"
3. વાંધાસૂચનો રજુ કરવા માટે "Objection Form" ટેબ પરના "Click Here to Raise Objection (+)" બટન પર ક્લીક કરો./Click on "Click Here to Raise Objection (+)" button in the tab "Objection Form" to raise your objections.
4. વાંધાસૂચનો આપતાં પહેલાં પ્રશ્નો અને જવાબોને ધ્યાનપૂર્વક વાંચો. /Before stating your objection, go through the question and answers carefully.
5. વાંધાસૂચનો ફક્ત પ્રશ્નો અને તેના સંબંધિત વિકલ્પો સામે જ ઉઠાવી શકાય છે./Objections can be raised only against questions and their respective alternatives.
6. એકવાર સબમિટ કરવામાં આવેલ વાંધાસૂચનો પછીથી બદલી શકાશે નહીં./Objections once submitted cannot be edited later.
7. પ્રશ્ન ID, જેનો ઉપયોગ તમામ સંદર્ભો માટે થાય છે, તે પ્રશ્નની જમણી બાજુએ ઉલ્લેખિત છે./The Question ID, which is used for all references, is mentioned to the right of the question.
8. Remarks કોલમમાં, તમારા વાંધાસૂચન માટેનું કારણ સ્પષ્ટપણે દાખલ કરો. કોઇ માન્ય સમજૂતી અથવા સંદર્ભ/આધાર પુરાવા વગરના વાંધાસૂચનોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં./In the remarks column, enter your reason for objection clearly. Objections with no valid explanation or reference will not be taken into account and will be discarded.
9. વાંધાસૂચન સબમિટ કરતા પહેલા ઉમેદવારોએ આધાર-પુરાવા અપલોડ કરવા ફરજિયાત છે./Befor submission of Objection it is mandatory for candidate to Upload supporting document
10. સંદર્ભ/આધાર-પુરાવા PDF/JPG/JPEG ફોર્મેટમાં 400kb સાઇઝથી વધે નહીં તે રીતે ઉપલોડ કરેલા હોવા જોઇએ./Supporting Document/Reference of maximum size of 400kb should be in PDF/JPG/JPEG format

Step 6 : **Form to Raise Objection** માં જરૂરી વિગતો ભરીને પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** અને તેને સંબંધિત **Answer ID** પ્રમાણે વાંધા સૂચનો રજૂ કરવા.



ઉમેદવારે પોતાના મંતવ્ય અનુસારના જવાબ રજૂ કરવા **Form to Raise Objection** માં નીચે દર્શાવ્યા પ્રમાણે **Question ID** અને તેને સંબંધિત **Answer ID** અનુસારની વિગતો દર્શાવવાની રહેશે.


Section : General Knowledge


Q.1 લોહીને ચોક્કસ રીતે ગંઠાઈ જવા માટે ક્યું વિટામિન જરૂરી છે અને તે લીલા પાંદડાવાળા શાકભાજીમાં જોવા મળે છે?
Ans
1. વિટામીન K
2. વિટામીન A
3. વિટામીન C
4. વિટામીન D

Question ID : 630680578375
Option 1 ID : 6306802262391
Option 2 ID : 6306802262392
Option 3 ID : 6306802262390
Option 4 ID : 6306802262393
Status : Answered
Chosen Option : 2

Q.2 મુન્દ્રા બંદર એ ભારતનું સૌથી મોટું વ્યાપારી બંદર છે અને તે ક્યા અખાતમાં આવેલું છે?
Ans
1. ખંભાતનો અખાત
2. કેમ્બેનો અખાત
3. મન્નારનો અખાત
4. કચ્છનો અખાત

Question ID : 630680578344
Option 1 ID : 6306802262266
Option 2 ID : 6306802262267
Option 3 ID : 6306802262268
Option 4 ID : 6306802262269
Status : Answered
Chosen Option : 4

Step 7 : જો કોઇ ઉમેદવારને કોઇ **Question ID** માં એક કરતાં વધુ જવાબ સાચા છે, તેવી રજૂઆત કરવી હોય તો તે Nature of Objection માં જઇને તે વિકલ્પ પસંદ કરીને રજૂઆત કરી શકશે.


Objection Form

Applicant Name:*

Subject Name:* Forest Guard

Date of Exam:*

Shift:*

Question IDs:* --Select--

Nature of Objection:* એક કરતાં વધુ જવાબ સાચા છે./Multiple correct answers

Note: તમને જે વિકલ્પ ID સાચો લાગે છે તે દાખલ કરો. તમે અલ્પવિરામનો ઉપયોગ કરીને વધુમાં વધુ 4 વિકલ્પો ઉમેરી શકો છો (દા.ત. 123456789, 9876543210)/Please enter the option ID which you think are correct. You can add a maximum of 4 options seperated by comma(For e.g.123456789, 9876543210)


Correct Answer Key:* Correct Answer Key(s)

Clarification / Expected Correct Answer / Remarks:* Clarification / Expected Correct Answer / Remarks

Upload Supporting documents* CLICK HERE TO UPLOAD

SUBMIT

તમારી રજૂઆત ના સંદર્ભ માં પુરાવા તરીકે પુસ્તકનું નામ, પૃષ્ઠ નંબર, લેખકનું નામ, પ્રકાશકનું નામ/સરનામું, પ્રકાશનનું વર્ષ દાખલ કરો. ત્યાર બાદ **400 kb** ની મર્યાદામાં વંચાય તેવી સ્પષ્ટ **PDF/JPG/ JPEG** ફાઇલ આધાર પુરાવા તરીકે અપલોડ કરો અને છેલ્લે સબમીટ કરવું. ઉમેદવાર વધુમાં વધુ ત્રણ ડોક્યુમેન્ટ આધાર પુરાવા તરીકે અપલોડ કરી શકશે.




સ્થળ: ગાંધીનગર

તારીખ: ૦૭/૦૩/૨૦૨૪

હસમુખ પટેલ

સચિવ